બઢતીનો અસ્વીકાર કરેલ મુખ્ય સેવિકાઓને મળેલ
પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ
પરત લેવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક : WCDD/DRA/e-file/23/2023/0580/B1
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૦૪/૨૦૨૩

વંચાણે લીધા :-

1) મહિલા અને બાળ વિકાસ વિભાગના હુકમ ક્રમાંક: WCDD/ICD/CourtCase/23/2023/0395/Legal Cell
2) મહિલા અને બાળ વિકાસ વિભાગની અધિસૂચના ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૦૩/૭૧/બ, તા.૦૪/૦૨/૨૦૦૩.
3) નાણા વિભાગનો ઉચ્ચતર પગાર ધોરણ અંગેનો ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૪/૪૪/મ, તા.૧૬/૮/૧૯૯૪.
4) નાણા વિભાગની ઉચ્ચતર પગાર ધોરણ બાબતે સંકલિત સૂચનાઓ ક્રમાંક:પગર/૧૦૨૦૧૫//૬૦૫૫૧૫/મ, તા.૩૦/૯/૨૦૧૫.
5) નિયામકશ્રી આઈસીડીએસ કચેરીની તા.૨૫/૦૪/૨૩ની દરખાસ્ત.

પ્રસ્તાવના:-

વંચાણે લીધા (૧) પરની વિભાગના હુકમથી નામ.ગુજરાત હાઇકોર્ટના ચુકાદાને આધિન મુખ્ય સેવિકા, વર્ગ-૩ને પ્રથમ ઉચ્ચત્તર પગારધોરણ મંજુર કરવામાં આવેલ હતું. વંચાણે લીધા (૨) પરની અધિસૂચનાથી મુખ્યસેવિકા, વર્ગ-૩ને બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨માં બઢતી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૩) અને (૪) પરના નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણ યોજના અંગેના ઠરાવની જોગવાઈ મુજબ, " બઢતીનો અસ્વીકાર કરનાર કર્મચારીએ ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ જતો કરવો પડશે." જે અન્વયે વંચાણે લીધા (૫) પરના પત્રથી બઢતીનો અસ્વીકાર કરનાર મુખ્ય સેવિકાઓના ઉચ્ચતર પગાર ધોરણ પરત લેવાની દરખાસ્ત મળેલ છે.

//હુકમ//

સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ફરજ બજાવતા નીચે મુજબના મુખ્યસેવિકાઓએ બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨માં મળેલ બઢતીનો અસ્વીકાર કરેલ હોવાથી તેઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ પરત લેવામાં આવે છે :

| ક્રમ | મુખ્યસેવિકાનું નામ | જિલ્લાનું નામ | બઢતીના હુકમની તારીખ |
|---|---|---|---|
| | ૨ | ૩ | ૪ |
| ૧ | સુશ્રી રંજનબેન બી. ચૌધરી | તાપી | તા.૦૪/૦૨/૨૦૦૩ |
| ૨ | સુશ્રી વીણાબેન કે. પટેલ | તાપી | તા.૦૪/૦૨/૨૦૦૩ |

૨/- ઉપરના મુખ્યસેવિકાઓને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળેલ ન હોત તો તેને મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોય તે પગાર તે મેળવશે.

૩/- તા.૦૪/૦૨/૨૦૦૩ના બઢતીના હુકમની તારીખ સુધીના સમયગાળા માટે તેઓએ ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર અને ભથ્થાં મેળવ્યા હોય તો તે રકમની વસૂલાત કરવાની રહેશે નહિ.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ ઉપર સચિવશ્રીની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આઈ.લેઉવા)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.તાપી
4. જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.તાપી
5. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
6. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, બ્લોક-૧૭, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
8. તિજોરી અધિકારીશ્રી, જિ.તાપી

9. સબંધિત અધિકારી. (મારફત સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી)
10. નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
11. શાખા સિલેકટ ફાઇલ.